# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-08-2024** **Morning : 7.10 to 7.20**

**Day: THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર કરણ મકવાણા વાંચે છે.

---

- રાજ્યમાં હજુ ભારેથી અતિભારે વરસાદનું જોર યથાવતઃ 238 તાલુકામાં હળવોથી અતિભારે વરસાદ
- સૌથી વધુ 10 ઇંચ વરસાદ દેવભુમિ દ્વારકા જિલ્લાના ભાણવડ અને કલ્યાણપુર તાલુકામાં
- રાજ્યનાં મોટા ભાગનાં ડેમ છલકાયા- આજે કચ્છ અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદનું રેડ એલર્ટ
- રાજ્યનાં કરાર આધારિત તજજ્ઞ તબીબોનાં વેતનમાં વધારો કરવાનો રાજ્ય સરકારનો નિર્ણય
- રાજ્યનાં આઠ જિલ્લામાં 24 નવા FM સ્ટેશન શરૂ કરવા કેન્દ્રીય મંત્રીમંડળે મંજૂરી આપી
- નીટી પીજીમાં દેશનાં 100 ટોચના વિદ્યાર્થીઓમાં ગુજરાતના સાત વિદ્યાર્થીઓનો સમાવેશ

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# RAIN GOVT. YADI-1

રાજ્યનાં 238 તાલુકામાં ગઇ કાલે સાંજે છ વાગ્યાથી આજે સવારના ચાર વાગ્યા સુધી હળવોથી અતિભારે વરસાદ પડ્યો છે. સૌથી વધુ 10 ઇંચ વરસાદ દેવભુમિ દ્વારકા જિલ્લાના ભાણવડ અને કલ્યાણપુર તાલુકામાં પડ્યો છે. જ્યારે દ્વારકા, ખંભાળિયા અને અબડાસા તાલુકામાં આઠ-આઠ ઇંચ વરસાદ પડ્યો છે. 17 તાલુકામાં ચાર ઇંચથી વધુ વરસાદ પડ્યો છે.

રાજ્યમાં મોસમનો સરેરાશ 106 ટકા વરસાદ પડ્યો છે. સૌથી વધુ 127 ટકા વરસાદ કચ્છ ઝોનમાં પડ્યો છે, જ્યારે સૌરાષ્ટ્રમાં 117 ટકા, દક્ષિણ ગુજરાતમાં 110 ટકા, પૂર્વ મધ્ય ઝોનમાં 103 ટકા અને ઉત્તર ગુજરાત ઝોનમાં 85 ટકા વરસાદ પડ્યો છે.

દરમિયાન, રાજ્યનાં મોટા ભાગનાં ડેમ છલકાઈ ગયા છે. સરદાર સરોવર ડેમ કુલ સંગ્રહ ક્ષમતાનો 85 ટકા ભરાયો છે. ડેમમાં બે લાખ 41 હજાર ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. રાજ્યનાં કુલ 206 ડેમમાંથી 107 ડેમ 100 ટકા ભરાઈ ગયા છે. 122 ડેમ હાઇ એલર્ટ પર, 15 ડેમ એલર્ટ પર અને 7 ડેમ વોર્નિંગ પર છે.

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટરમાંથી સતત ત્રીજા દિવસે વીડિયો કોન્ફરન્સ યોજીને અસરગ્રસ્ત વિસ્તારોની બચાવ-રાહત કામગીરીની સમીક્ષા હાથ ધરી હતી.**

ખાસ કરીને વડોદરા શહેર અને જિલ્લો, દેવભૂમિ દ્વારકા તથા જામનગર જિલ્લામાં પાણીમાં ફસાયેલા લોકો માટે રાહત કામગીરીને પ્રાથમિકતા આપવા તાકીદ કરી હતી.

# RAIN GOVT. YADI-2

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માએ વડોદરામાં બચાવ-રાહત કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

જામનગર, દેવભૂમિ દ્વારકા, રાજકોટ તથા સૌરાષ્ટ્રના અન્ય જિલ્લાઓ જ્યાં વરસાદનું જોર ઘટી ગયું છે કે ત્યાં ઘરવખરી સહાયની ચુકવણીની કામગીરી પણ તાકીદે હાથ ધરવા સૂચના આપવામાં આવી હતી.

મુખ્યમંત્રીએ આણંદ, નર્મદા, સુરેન્દ્રનગર અને વલસાડથી N.D.R.F.ની પાંચ વધારાની ટીમ તથા આણંદ ખેડા અને ગાંધીનગરથી આર્મીની ૪ કોલમ વડોદરાનાં સ્થાનિક તંત્રની મદદ મોકલવા જણાવ્યું હતું. આ ઉપરાંત અમદાવાદ અને સુરતથી પણ રેસ્ક્યુ બોટ વડોદરા પહોંચશે.

હવામાન વિભાગે આજે કચ્છ અને સૌરાષ્ટ્રમાં રેડ એલર્ટ, ઉત્તર અને દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં યલો એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગ દ્વારા 1 ઓગસ્ટ સુધી દરિયો નહીં ખેડવા સૂચના આપવામાં આવી છે.

---

-YADI, ANIL PATEL -(NAVIN)

# DISTRICTS REVIEW BY MINISTERS-1

પાટણ જિલ્લામાં પડેલા વરસાદને ધ્યાને લઈ કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતે ગઇકાલે પ્રાંત કચેરી સિદ્ધપુર ખાતે અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે બેઠક યોજી જિલ્લામાં પડેલા વરસાદ, ડેમની સ્થિતિ, બચાવ કામગીરી, વીજ પુરવઠો સહિતની વિગતો મેળવી અને સ્થિતિની સમીક્ષા કરી હતી.

અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે આ સમીક્ષા બેઠકમાં જિલ્લામાં સાફ-સફાઈના સાધનો, બચાવ કામગીરી માટેની સાધન સામગ્રી ઉપરાંત પૂરતા પ્રમાણમાં દવાનો જથ્થો સહિતની જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ અંગે મંત્રીશ્રીએ તાગ મેળવ્યો હતો.

અમારા પંચમહાલના પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે ગોધરા કલેક્ટર કચેરી સભાખંડ ખાતે જિલ્લાના પ્રભારી મંત્રી કુબેર ડીંડોરે વરસાદની પરિસ્થિતિ અંગે સમીક્ષા બેઠક યોજી હતી.

મંત્રીશ્રીએ પંચમહાલ જિલ્લામાં વીજળી, રસ્તાઓ સહિતના પાક નુકસાન બાબતે જરૂરી સર્વે અને કામગીરી કરવા જણાવ્યું હતું. તેમણે અધિકારીશ્રીઓને સંકલનમાં રહીને પાણીનો નિકાલ, મકાન પડી ગયા હોય અથવા અંશતઃ નુકસાન હોય તો ત્વરિત સહાય, પશુ મૃત્યુની સહાય અને વીજળીના પ્રશ્નો બાબતે એમ.જી.વી.સી.એલ વિભાગને દાહોદ અને મહીસાગરની વધારાની ટીમો બોલાવીને ઝડપી કામગીરી કરવા જણાવ્યું હતું.

# DISTRICTS REVIEW BY MINISTERS-2

બેઠકમાં જિલ્લા કલેક્ટર આશિષ કુમારે જણાવ્યું કે વરસાદને પગલે કુલ ૨૨ રસ્તાઓ બંધ કરાયા હતા, જેમાંથી કુલ ૧૧ રસ્તાઓ ફરી ચાલુ કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે જિલ્લા કંટ્રોલ રૂમ ખાતે બે દિવસમાં કુલ ૮૦ ફરિયાદો નોંધાતા તંત્ર દ્વારા તાત્કાલિક નિરાકરણ કરાયું હતું.

તેવી જ રીતે જિલ્લા સેવા સદન ભુજ ખાતે આગામી ભારે વરસાદની આગાહીના પગલે વહીવટીતંત્રની તૈયારીઓ અંગે જિલ્લા કલેક્ટર અમિત અરોરાએ બેઠક કરી અધિકારીઓને એલર્ટ રહેવા સૂચના આપી હતી.

-----------------------------------------------------------------------

- પીટીસી પંચમહાલ ,પાટણ , ઇન્ફો ભુજ કરણ

-(NAVIN)

# RESCUE - STHANANTARAN DISTRICTS

રાજ્યમાં વરસી રહેલા અવિરત વરસાદ વચ્ચે બચાવ અને સ્થળાંતરણ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

અત્યાર સુધી 3 હજાર 641 લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. હાલ N.D.R.F.ની 15, S.D.R.F.ની 25 અને લશ્કરની સાત ટીમો અસરગ્રસ્ત વિસ્તારોમાં તૈનાત કરવામાં આવી છે.

સેનાની મરાઠા રેજીમેન્ટ દ્વારા ગઇકાલે વડોદરાના કેદારેશ્વર મંદિર, કિર્તી મંદિર અને સયાજી ગંજ ખાતે પાણીમાં ફસાયેલા અંદાજે ૫૦ સ્થાનિકોનું બોટ દ્વારા સલામત રેસ્કયુ કરાયું હતું. બીજી તરફ પોરબંદર અને જામનગર જિલ્લાના કંટોલ, થેપાડા, એરડા, માલ, ફટાણા અને પીથડ ગામોમાંથી વિષેશ અભિયાન હેઠળ ભારતીય તટરક્ષક દળના જવાનોએ 7 મહિલા અને 10 બાળકો સહિત કુલ 33 લોકોનું રેસ્ક્યૂ કર્યું હતું.

અમારા પોરબંદરના પ્રતિનિધી જણાવે છે કે, પોરબંદર નજીક વડાળા ગામની સીમમાં મેઢાક્રિક ડેમના પ્રચંડ પ્રવાહને લીધે વાડી વિસ્તારમાં પાણીમાં ફસાયેલા ચાર બાળકો સહિત ખેડૂત પરિવારના 11 વ્યક્તિઓને બચાવી લેવામાં આવ્યા છે.

અમારા દ્વારકા જિલ્લાના પ્રતિનિધી જણાવે છે કે, ઓખાના દરિયામાં ફસાયેલા માછીમારોને તટરક્ષક દળ દ્વારા બચાવી લેવામાં આવ્યા છે. જિલ્લાના આવડપાડા વિસ્તારમાંથી 28 અને મેઘપર ટીટોડી ગામે 8 લોકોને બચાવી લેવામાં આવ્યા છે. ખંભાળીયા ખાતે નીચાણવાળા વિસ્તારોમાંથી 300થી વધુ અને ભાણવડ ખાતે 100 લોકોનું સ્થળાંતરણ કરવામાં આવ્યું છે. દરમિયાન ભાણવડ પંથકમાં વૃક્ષ પડવાથી એક મહિલાનું મૃત્યુ થયું છે.

..2..

બીજી તરફ NDRFની ટીમે ફાયર બ્રિગેડ સાથે મળીને વડોદરા શહેરના પૂરગ્રસ્ત સમા સાવલી વિસ્તારમાંથી એક સગર્ભા મહિલાને તેના પતિ સાથે બચાવી હતી.

જસદણ તાલુકાના ડેમ ઓવરફ્લો થતાં નગરપાલિકા દ્વારા કુલ ૧૫૧ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. જામકંડોરણા તાલુકાના બોરિયા ગામની વાડીમાં ફસાયેલા ૧ પુરુષ, ૧ મહિલા અને ૨ બાળકો મળી કુલ ૪ શ્રમજીવીઓને ગોંડલ ફાયર ટીમે બચાવી લીધા હતા..

---------------------------------------------------------------------

- પીટીસી પોરબંદર, દ્વારકા, ગાંધીનગર ઇન્ફો વડોદરા, રાજકોટ કરણ -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# MAHISAGAR KUBER DINDOR

રાજ્યમાં ભારે વરસાદની સ્થિતિને લઈને વહીવટી તંત્ર ખડેપગે કામ કરી રહ્યું છે. ત્યારે રાજ્યના શિક્ષણમંત્રી ડૉ કુબેર ડિંડોરે એક વિડિયોના માધ્યમથી રાજ્યના શિક્ષકોને જિલ્લા વહીવટી તંત્ર સાથે જોડાઈને જનસેવા કરવા અપીલ કરી હતી.

## બાઈટ - ડૉ કુબેર ડિંડોર, શિક્ષણમંત્રી

---

- પીટીસી – મહિસાગર, વિધિ મોદી

-(NAVIN)

# SCHOOL CLOSED

હવામાન વિભાગ દ્વારા કરાયેલી ભારેથી અતિભારે વરસાદની આગાહીને ધ્યાને રાખીને આજે વડોદરા, બોટાદ અને કચ્છ જિલ્લાની તમામ સરકારી, ગ્રાન્ટ ઈન એઈડ અને ખાનગી શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------

- પીટીસી બોટાદ ,અપર્ણા ખૂંટ,કરણ -(NAVIN)

# DWARKA COLLECTOR G T PANDYA

દેવભૂમિ દ્વારકામાં કાલે આખો દિવસ વરસાદ વરસ્યો હતો. વરસાદને પગલે રાજ્યમાં રોડ અને રેલ્વે વ્યવહાર પણ ખોરવાયો છે. જેના પગલે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બિનજરૂરી મુસાફરી ટાળવા તેમજ સાવચેત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

દ્વારકા જિલ્લાના કલેકટર જી.ટી.પંડ્યાએ વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, રાહત અને બચાવ કામગીરી ચાલી રહી છે.

બાઈટ - જી.ટી.પંડ્યા, કલેકટર, દ્વારકા

---

- પીટીસી - દ્વારકા, વિધિ મોદી

-(NAVIN)

# DOCTORS' SALARY RISE

રાજ્યના કરાર આધારિત તબીબોને આપવામાં આવતી ખાનગી પ્રેક્ટિસની છૂટ બંધ કરવાનો નિર્ણય કરાયો છે. ખાનગી પ્રેક્ટિસ વગર કરાર આધારિત સેવા આપતા તજજ્ઞ તબીબોના દર માસના વેતનમાં વધારો કરાયો છે.

પ્રતિ માસ વેતન વધારીને ૧ લાખ ૩૦ હજાર રૂપિયા આપવાનું સરકારી ઠરાવ દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. અંદાજીત ૩૭ ટકા જેટલો વધારો કરવામાં આવ્યો છે.

સર્જરી સાથે સંકળાયેલા તજજ્ઞ તબીબોને પ્રતિ માસ મળતા વેતન ઉપરાંત મેજર અને માઇનોર સર્જરી માટે ૩૦૦ થી ૨૦૦૦ રૂપિયા સુધીની રકમ પ્રતિ સર્જરીએ આપવામાં આવશે. કરાર આધારિત એનેસ્થેટીસ્ટ તબીબોને પ્રતિ સર્જરી પ્રોત્સાહક રકમના ૫૦ ટકા આપવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે.

---

-રીપીટ

# CABINET FM RADIO

કેન્દ્રીય મંત્રીમંડળે દેશભરના 234 નવા શહેરમાં 730 ખાનગી FM ચેનલની ઇ-હરાજી કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. રાજ્યના અમરેલી, ભુજ, બોટાદ, દાહોદ, ગાંધીધામ, જેતપુર નવાગઢ, પાટણ અને સુરેન્દ્રનગર દુધરેજમાં ત્રણ-ત્રણ ખાનગી એફએમ રેડિયોની સ્થાપના થશે.

આ નિર્ણયથી સ્થાનિક લોકોને માતૃભાષામાં થતાં સ્થાનિક પ્રસારણથી પ્રોત્સાહન મળશે. તેમ જ રોજગારની નવી તકનું સર્જન થશે. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું, મંત્રીમંડળના નિર્ણયથી બીજી અને ત્રીજી શ્રેણીના શહેરોમાં FM રેડિયો પહોંચી શકશે. તેમણે કહ્યું, જેનાથી સ્થાનિક પ્રતિભાઓ પર વિશેષ ધ્યાન અપાશે.

મંત્રીમંડળે કેન્દ્રીય ક્ષેત્રની યોજના જેવી કે કૃષિ આંતરમાળખા ભંડોળના વિસ્તરણને પણ મંજૂરી આપી છે. જેનાથી દેશમાં કૃષિ ક્ષેત્ર સાથે સંકળાયેલી પાયાની સુવિધાઓ મજબૂત બનશે અને ખેડૂતોને લાભ થશે. આ ભંડોળ ખેડૂતોને નાણાકીય સહાય પૂરી પાડવા માટે એક લાખ કરોડ રૂપિયાની રકમની સાથે વર્ષ 2020માં બનાવવામાં આવ્યું હતું.

---

-રીપીટ

# NEET-PG

પીજી મેડિકલ ડિગ્રી-ડિપ્લોમા માટેની નીટ પરિક્ષાનું પરિણામ જાહેર કરી દેવામાં આવ્યું છે, જેમાં ગુજરાતના 5 હજાર 947 વિદ્યાર્થી ક્વોલિફાય થયા છે, જ્યારે ગુજરાતના સાત વિદ્યાર્થીઓએ દેશનાં 100 ટોચના વિદ્યાર્થીમાં સ્થાન મેળવ્યું છે.

વડોદરા મેડીકલ કોલેજની નૈસર્ગી રાવલે ચોથો અને જીમર્સ, હિંમતનગરના બ્રિજેશ સુદાનીએ 13મો ક્રમ મેળવ્યો છે.

ગયા વર્ષે ગુજરાતના 10 વિદ્યાર્થીઓ ટોચના 100માં સ્થાન પામ્યા હતા. આ વર્ષે ગુજરાતમાંથી 11 હજારથી વધુ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી.

---------------------------------------------------------------------

--ડેસ્ક અનિલ

-(NAVIN)

# YOGA ATHLETE BHAVNAGAR

વિયતનામ ખાતે યોજાયેલિ "૫મી ઇન્ટરનેશનલ યોગા સ્ટાર ચેમ્પિયનશિપ" માં ભાવનગરની યોગા એથલેટ ઋચા ત્રિવેદીએ પ્રથમ સ્થાન મેળવ્યું છે.

અમારા ભાવનગરના પ્રતિનિધિ જણાવે છે કે ઋચાએ આ સ્પર્ધામાં સુવર્ણચંદ્રક જીત્યો છે. ઉલ્લેખનીય છે કે ઋચા ભાવનગરની દક્ષિણામૂર્તિ શાળાની ધોરણ ૯ની વિદ્યાર્થીની છે. તેમણે અગાઉ પણ જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય તેમજ આંતર રાષ્ટ્રીય કક્ષાએ વિવિધ યોગા સ્પર્ધાઓમાં ઉજ્જવળ દેખાવ કરી જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રને ગૌરવ અપાવ્યું છે.

---

- પીટીસી ભાવનગર કરણ -(NAVIN)

# SWAGAT ONLINE CANCEL

રાજ્યમાં ભારે વરસાદની પ્રવર્તમાન સ્થિતિને અનુલક્ષીને આજે યોજાનારો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ તેમજ જિલ્લાકક્ષાનો સ્વાગત કાર્યક્રમ  મોકૂફ રખાયો છે.

--------------

INFO, HARSH LEUA, NAVIN